સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.
સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી/એએચ/૨૦૨૪-૨૫ તા. ૦૧/૦૪/૨૦૨૫

## પરિપત્ર નંબર - ૭૩

પ્રતિ,
ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,
ધી .................................... દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ.,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનુકે સામૂહિક પશુ જૂથ વિમા યોજના અને લોન ધિરાણ અંતર્ગત વિમામાં જોખમ ઓછુ લેવાની તથા મોડા વીમા કલેઈમ મળવાની ફરિયાદોને લીધે મંડળીઓ ધ્વારા અન્ય કંપનીમાંથી વીમા લઈ સબસીડી મેળવવા માગણીઓ થતી હોય છે અને લોન ધિરાણમાં પણ વીમા કંપનીઓથી ત્રણ વર્ષના વીમા લેવા માટે પણ સભાસદોને મુશ્કેલી પડતી હોય છે. જેના લીધે ચાલુ વર્ષે વીમાની કામગીરી સરળ અને ઝડપી થાય તે માટે દૂધ મંડળી તેના સભાસદોના સામુહિક પશુ વીમા તથા પશુ ધીરાણ (લોનકેસ) અંતર્ગત પશુઓના વીમા લેવા માટે ઈચ્છતી હોય તેમને નીચે દર્શાવેલ નેશનલાઈઝ (સરકારી), સહકારી અને પ્રાઈવેટ વીમા કંપની મારફતે તા. ૦૧/૦૪/૨૦૨૫ થી પશુ વીમાના વધુમાં વધુ નીચે મુજબના પ્રિમીયમના દરે સામૂહિક પશુ વિમા લેવાનું આયોજન કરેલ છે .સર્વિસ ટેક્ષ સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ રહેશે. ઉપરોકત બંન્ને પ્રકારના પશુ વિમા માટેના નિયમો તા.૦૧/૦૪/૨૦૨૫ થી અમલમાં આવશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

**<u>સામુહિક પશુ વિમા યોજના અને લોન ધિરાણના નિયમો અને સહાય નીચે પ્રમાણે રહેશે.</u>**

| પશુઓના પ્રકાર | વીમા કંપનીનું નામ | પ્રિમીયમ દર (એક વર્ષ) | પ્રિમીયમ દર (ત્રણ વર્ષ) | સબસીડીની વિગત |
|---|---|---|---|---|
| સંકર ગાય / દેશી ગાય / ભેંસ | ન્યુ ઇન્ડિયા ઇન્સ્યુ.કંપની, હિંમતનગર. | ૬ % + ટેક્ષ | ૧૬ % + ટેક્ષ | સંઘ તરફથી તમામ પશુદીઠ રૂ.૧૦૦ અને દૂધ મંડળી પણ રૂ. ૧૦૦ સુધી (મરજિયાત) સહાય ચૂકવી શકશે. |
| | ઇફકો-ટોક્યો જનરલ ઇન્સ્યુ.કંપની, હિંમતનગર. | ૬ % + ટેક્ષ | ૧૫.૯૦ % + ટેક્ષ | |

- ઉપરોક્ત કોઠામાં દર્શાવેલ ૨ (બે) કંપની સિવાય અન્ય કોઈ પણ નેશનલાઈઝ (સરકારી) કંપની ઓ સંઘ સાથે સંકળાયેલ દૂધ મંડળીઓના સભાસદોના પશુઓના વીમા લેવા ઈચ્છે અને પશુઓના વીમા લેવામાટે એડવાન્સમાં પ્રીમીયમ ચેક તથા પ્રીમીયમમાં પશુ દીઠ ૧૦૦ રૂપિયા સહાય સંઘમાંથી લેવા માગતા હશે તો ૧ વર્ષ (૬%+ટેક્ષ) તેમજ ૩ વર્ષના (૧૫.૯૦% + ટેક્ષ) પશુ વીમા પ્રીમીયમ રેટ કે તેથી ઓછા પ્રીમીયમ રેટથી પશુઓના વીમા લે તો જ સંઘમાંથી સામૂહિક પશુ જૂથ વીમા યોજના અને લોન ધિરાણ અંતર્ગત પશુઓના વીમા લેવામાટે એડવાન્સમાં પ્રીમીયમ ચેક તથા તેમજ વીમાના પ્રીમીયમ માં પશુ દીઠ ૧૦૦ રૂપિયા સહાય આપવામાં આવશે
- વિમા કંપનીએ સરકારશ્રીના નિયમ મુજબ એન.ડી.ડી.બી. પાસેથી બાર કોડેડ ૧૨ ડીઝીટનો યુનીક આઈડેન્ટીફીકેશન ટેગની વિગત મેળવીને સ્વખર્ચે ટેગ લાવીને લગાવવાની રહેશે.
- દરેક વિમા કંપનીના પોલીસીના નિતિ નિયમો / શરતો સમજીને વિમા કંપનીની પસંદગી દૂધ મંડળીના ચેરમેન / વ્ય.કમીટી / સેક્રેટરીએ કરવાની રહેશે.

- સદર યોજના અંતર્ગત જરૂરીયાત મુજબ દૂધાળા / ગાભણ માદા જાતિના તંદુરસ્ત પશુને આવરી લેવામાં આવશે.
- પશુ વિમા કાર્યપ્રણાલી સરળ થાય તે માટે પશુઓને કાન ઉપર ટેગ લગાવી / ફોટોગ્રાફી કરાવી , કોમ્પ્યુટરરાઈઝ યાદી તૈયાર કરવી વિગેરે કામ વિમા કંપની / કંપનીએ નિયુકત કરેલ સર્વિસ પ્રોવાઈડર મારફતે / મંડળી અને વિમા કંપનીની સંમતિ મુજબ કરવાનું રહેશે. વિમાનું પ્રિમિયમ વિમા કંપનીને સંઘમાંથી ચુકવવામાં આવશે. જે દૂધ મંડળીના દૂધ બીલમાંથી વસુલ કરવામાં આવશે.
- વિમા કંપનીએ પશુ પર હયાત સંઘની જૂની બાર ડીઝીટવાળી ઈયર ટેગનો ઉપયોગ કરવાનો રહેશે.
- ટેગ પડી જાય/નિકળી જાય તેવા સંજોગોમાં પશુમાલીકે તાત્કાલિક ધોરણે મંડળીના સેક્રેટરી મારફતે જે તે વિમા કંપનીને ફોનથી તથા પત્રથી જાણ કરવાની રહેશે. વિમા કંપનીઓએ રીટેગીંગ વિના મુલ્યે કરવાનું રહેશે.
- પશુના મરણ વખતે પશુમાલીક/સેક્રેટરીએ વિમા કંપનીને તુરંત જાણ કરવાની રહેશે. પી.એમ.ની કામગીરી વિમા કંપની અને મંડળી સાથે અગાઉથી નકકી કરેલ નિયમ પ્રમાણે વિમા કંપની ધ્વારા અથવા સંઘ ધ્વારા સ્પે. વિઝિટની સેવા અંતર્ગત ફક્ત ડેથ સર્ટીફીકેટ આપવામાં આવશે. પશુના મરણ વખતે વિમા કંપનીની માગણી મુજબના નિયત પોલીસી મુજબના સાંયોગીક પુરાવા પશુમાલિક/સેક્રેટરીએ વિમા કંપનીને પુરા પાડવાના રહેશે.
- સરકારશ્રીના હાલના નિયમ પ્રમાણે વિમા કલેઈમની રકમ વિમા કંપની સભાસદના નામે ચુકવી શકે તેમ હોઈ આ માટે સભાસદે રાષ્ટ્રીકૃત બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે.
- પરિપત્ર માં દર્શાવેલ વીમા કંપનીઓ પાસેથી નિયત થયેલ કે તેથી ઓછા પ્રિમીયમ દરે વિમો લીધેલ મંડળીઓને સબસીડી મળવા પાત્ર રહેશે તથા સર્વિસ ટેકસના દર સરકારશ્રીના વખતો વખતના નિયમને આધિન રહેશે.
- પશુવિમાની પોલીસીની મુદત પૂર્ણ થયા બાદ પશુઓનો વીમો ફરીથી લેવાની (રીન્યુઅલ) કરવા ની જવાબદારી જે તે દૂધ મંડળી તેમજ તેના સભાસદોની રહેશે, જેમાં સંઘની કોઈ જવાબદારી રહેશે નહીં.
- સદર પરીપત્ર મળ્યેથી અગાઉનો  તારીખ : ૨૫/૧૦/૨૦૨૧ નો  પરીપત્ર નં. ૪૬ રદ ગણવો

**વિમા કંપનીઓના સંપર્ક માટેની માહીતી નીચે મુજબ છે.**

| વીમા કંપનીનું નામ | સંપર્ક સેતુ |
|---|---|
| ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી.<br>ગ્રાઉન્ડ ફલોર, સંકલ્પ કોમ્પલેક્ષ,પોલીટેકનીક ચાર રસ્તા,<br>નેશનલ હાઈવે નં.–૮, હિમતનગર. | શ્રી ગુંજન બોડાત - ૯૦૯૯૧૯૭૩૬૬<br>શ્રીમતી નિષ્ઠા સિંહા - ૭૬૦૦૩૨૫૭૬૯ |
| ઈફકો–ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.<br>દુકાન નં. ૬, પ્રથમ માળ, સન કોમ્પ્લેક્સ, મોતીપુરા સર્કલ,<br>હિંમતનગર–૩૮૩૦૦૧ | શ્રી હરદીપ સિંહ - ૯૩૧૯૮૯૯૭૭૫<br>શ્રી યોગેશ પટેલ - ૯૩૧૯૮૯૯૭૭૬ |

સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

આભારસહ...

નોંધ: સ્થળપ્રત ઉપર મેનેજીંગ ડીરેક્ટરશ્રીની સહી છે.

આપનો વિશ્વાસુ

sd/-

( સુભાષચંદ્ર વી પટેલ )

મેનેજીંગ ડીરેક્ટર

સાબરડેરી, હિંમતનગર.

નકલ રવાના

૧. ચેરમેનશ્રી તથા તમામ નિયામક મંડળના સભ્યશ્રીઓ તરફ

૨. તમામ વિભાગીય વડાઓ તરફ

૩. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ